**અમદાવાદના મહે. ૮માં એડી. જ્યુ. મેજી. ફ.ક. સાહેની કોર્ટમાં, અમદાવાદ (ગ્રામ્ય),**

**ફોજદારી કેસ નંબર ૧૨૪૦૧/૨૦૨૨**

**આંક:–**

ફરીયાદ :– શ્રી સરકાર

**// વિરુધ્ધ//**

આરોપી :– જુગાજી મોહનજી ઠાકોર

બાબત :– ભારતીય દંડ સંહિતાની કલમ – ૨૭૯ તથા મોટર વ્હીકલ એક્ટની કલમ ૧૮૪,૧૭૭ મુજબ

---

**<u>// ચુ કા દો //</u>**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ – ૨૭૯ તથા મોટર વ્હીકલ એક્ટની કલમ ૧૮૪,૧૭૭ મુજબ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે અને ચાર્જરીટને ફોજદારી કેસ નંબર આપવામા આવેલ.

(૨) આરોપી ને સમન્સ કરતા કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપવાની ખાત્રી કરેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતા ગુના કબુલાત અંગે પુછતા તેઓ ગુનાની કબુલાત કરતા હોઈ તેઓની ગુના ની કબુલાત પુરસીસ રેકર્ડ કરી અને તેમાં તેઓએ જણાવેલ છે કે,તેઓને ગુનો સ્વેચ્છાએ કબુલ કરે છે. તેઓનો આ પ્રથમ ગુનો છે અને તેઓ કોઈ પણ જાતની ધાક ધમકી કે દબાણ વગર ગુનો કબુલ કરે છે અને તેને ઓછી સજા કરવા તથા દયા રાખવા વિનંતી કરી છે.આ કામે આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે. આરોપીની કબુલાત કરતા હોય અનેઆરોપીના ઉપરોકત સંજોગો જોતાં દોષિત ઠરાવી અને આરોપી દંડની સજા કરવી વાજબી જણાતી હોય ન્યાયના હિતમા નીચે મુજબ હુકમ કરૂ છું.

**<u>// હુ ક મ//</u>**

(1) આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ – ૨૭૯ તથા મોટર વ્હીકલ એક્ટની કલમ ૧૮૪,૧૭૭ અન્વયેના ગુના સબબ તકસીરવાન ઠરાવી આરોપી ને રૂપિયા ૫૦૦/– ( શબ્દોમા અંકે પાંચસો રૂપિયા પુરા) નો દંડ ભરવાનો હુકમ

કરવામાં આવે છે જો દંડ ન ભરે તો દિન – ૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૧૩ મી  માહે ઓગસ્ટ સને ૨૦૨૨ ના રોજ  મેજીસ્ટ્રેટની ખાસ સીટીંગમા જાહેર કર્યો.

તારીખ: ૧૩ /૦૮ /૨૦૨૨
અમદાવાદ (ગ્રામ્ય)

( કે.એન.નિમાવત )
૮માં એડી.જ્યુ.મેજી.ફ.ક.,
અમદાવાદ (ગ્રામ્ય) મિરઝાપુર
જીજે૦૧૫૭૬